# પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા) દ્વારા "પશુપાલકોની ચોમાસુ દરમ્યાન ગાભાણ તથા દુધાળ પશુઓની આહાર વ્યવસ્થા અને માવજત " વિશે પશુપાલકોને તાલીમ

દાહોદ જીલ્લામાં આદિજાતી અને અનુસુચિત જનજાતીની વસ્તીમાં નાના, સિમાંત ખેડૂતો ગરીબી રેખા નીચે આવેલા કુટુંબોની સંખ્યા વધુ છે તથા ગામડાના મોટાભાગના કુટુંબોની આજીવિકાનો આધાર આજે પણ દુધાળા પશુઓ પર રહેલો છે. પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા) દ્વારા આદિવાસી સંશોધન –વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા ખાતે દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા તાલુકાના સાગારામા ગામના ૩૧ મહિલા પશુપાલકોને તા. ૨૪/૦૭/૨૦૧૯ ના રોજ **"પશુપાલકોની ચોમાસુ દરમ્યાન ગાભાણ તથા દુધાળ પશુઓની આહાર વ્યવસ્થા અને માવજત"** વિષય ઉપર તાલીમ આપવામાં આવી.

આ કાર્યક્રમાં ડો. જી.જે.પટેલ, યુનિટ અધિકારીશ્રી, આદિવાસી સંશોધન –વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા પશુપાલકોને પોષકતત્વોથી ભરપૂર લીલા ઘાસચારાનું મહત્વ સમજાવી ઘાસચારાની જુવાર, મકાઇ અને રજકાબાજરીના વધુ ઉત્પાદન કેવી રીતે મેળવવુ તે વિશે માર્ગદર્શન આપ્યુ.

પશુ વિજ્ઞાન કેન્દ્રના વડા અને પ્રાધ્યાપક, ડો. કે. એન. વાઘવાની દ્વારા આદર્શ પશુ આહાર માટે પુખ્ત પશુઓને પ્રતિદિન ખાણદાણ, લીલોચારો તેમજ સુકાચારાની જરૂરીયાત અને દુધાળ પશુઓમાં ચોમાસા દરમ્યાન પશુપોષણમાં ધ્યાન રાખવામાં આવતી વૈજ્ઞાનીક પદ્ધતીઓની સવિસ્તર માહિતી આપી. પશુપાલકો પશુઆહાર અંગેના સંશોધનોનો ઉપયોગ કરી ઓછા ખર્ચે સારી ગુણવત્તા સાથે વધુ ઉત્પાદન મેળવવા માર્ગદર્શન આપ્યુ.

ડો.ગુણવંત એન. થોરાત (મદદનીશ પ્રાધ્યાપક), પીવીકેએ પશુઓને બારેમાસ લીલોચારો મળી રહે તે માટે લીલા ચારાને લીલી અવસ્થામાં જાળવી રાખવાની સાઇલેજ બનાવવાની પદ્ધતીથી, સાયલેજ બનાવતી વખતે ધ્યાનમાં લેવાના મુધ્ધાઓ અને સાયલેજના ફાયદાઓથી પશુપાલકોની માહિતી પુરી પાડેલ હતી.

ડો. પી. એચ. ગોધાણી(તાલીમ સહાયક), ટીઆરટીસી, દ્વારા ચોમાસા દરમ્યાન સોયાબીન પાકમાં આવતા રોગ જીવાતના નિયત્રંણ વિષય વક્તવ્ય આપેલ. રીસર્ચ એસોસીએટ ડો. એ. વાય. મકાણી, ટીઆરટીસીએ પશુઆહારમાં સોયાબીનનું મહત્વ અને શ્રી. ડી. બી. રામજીયાણીએ ટીએફડબ્લ્યુટીસીએ પશુપાલનમાં મહિલાઓની ભાગીદારી વિશે પશુપાલકોને માહિતગાર કરેલ હતા.

તાલીમાર્થીઓને પશુ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પ્રસિધ્ધ કરેલ પશુપાલનનુ સાહિત્ય વિતરણ કરવામાં આવેલ હતુ.

**પશુ વિજ્ઞાન કેન્દ્ર (લીમખેડા) દ્વારા** “પશુપાલકોની ચોમાસુ દરમ્યાન ગાભાણ તથા દુધાળ પશુઓની આહાર વ્યવસ્થા અને માવજત ” વિશે **પશુપાલકોને તાલીમ**

**સ્થળ:** આદિવાસી સંશોધન વ તાલીમ કેન્દ્ર, દે. બારીયા **તારીખ:** ૨૪/૦૭/૨૦૧૯















